સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

કરવું પડે મરણોત્તર * સમ્માન એ નિંદ્રા જ છે
જીવંત નેતા-કલાકારોનો અનાદર તંદ્રા જ છે
અનિર્ણાયકતાની તંદ્રામાં હોય છે ઈર્ષાનું ઘેન -
આયોજનને વિચારણા વિનાનું કાર્ય નિંદ્રા જ છે.
(★ સૈનિકોની શહિદી - સિવાય...)

હાઈકુ

થાય સન્માન,
હોય છે મહત્ત્વનું -
સમસયસર !..

મળે જો ન્યાય
ને ફળે તપશ્ચર્યા -
સમયસર...

ચિંતન

સમયાએ સમણો હોઈ બંભયેરેણ બંભણો ।
નાણેણ ઉ મુનિ હોઈ તવેણ હોઈ તાવસો ।

ઉપરોક્ત સૂત્ર જૈન તત્વદર્શનમાંથી લેવામાં આવેલ છે.

સમતાથી સાધુ થવાય છે, બ્રહ્મચર્યના પાલનથી બ્રાહ્મણ થવાય છે, જ્ઞાનપ્રાપ્તિથી મુનિ થવાય છે અને તપશ્ચર્યા કરવાથી તાપસ થવાય છે.

શ્રી મહાવીરે કહ્યું કે, 'દેવ બલે મોટો હોય, ગમે તેવું તેમનું સ્વર્ગ હોય, પણ માણસથી મોટું કોઈ નથી. માણસ માનવતા રાખે તો દેવ પણ એના ચરણમાં રહે. માણસે આ માટે સત્યનો અને પ્રેમનો આગ્રહ રાખવો જોઈએ, પ્રત્યેક માણસ પોતાના કાર્ય, ગુણ અને શ્રમથી મહાન થઈ શકે, આ માટે ઉચ્ચ જાતિ, ઉચ્ચ કુલ અને ઉચ્ચ ઘરમાં જન્મ લેવાની જરૂર નથી.'

સુવિચાર

- ઠુકરા દો અગર દે કોઈ જિલ્લત સે સમંદર, ઈજ્જત જો મિલ જાયે વો કતરાહી બહુત હૈ - **અફઝલ અજમેરી**
- સાચા સુખની કિંમત સમજાવવામાં જિંદગીનાં તોફાનો અને ઝંઝાવાતોનો ફાળો ખૂબ મોટો હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ફેસબુક પર ભલે મિત્રોનો ગુણાકાર થતો હોય, પણ જીવનમાં લાગણીનો ભાગાકાર ન થાય તે જોજો - **જનકલ્યાણ**
- લક્ષ્યમાં જયારે સ્વાર્થ અને અહમ ભળે ત્યારે ધ્યેય પ્રાપ્તિ અર્થહીન બની જાય છે - **બોધિ વૃક્ષ**
- 'આઈ એમ પ્રાઉડ ઓફ યુ' આવું કોઈ કહે ત્યારે સિદ્ધિ સાર્થક થઈ હોય તેવું લાગે, તમારી પાસે આવું કહેનારા લોકો ન હોય તો માનજો કે સંબંધો જાળવવાની સિદ્ધિ તમે કેળવી શક્યા નથી - **કિશ્નકાન્ત ઉનડકટ**
- આત્મા સંસારી ય નથી અને અસંસારીય નથી, સંસારી - અસંસારી એ બધું દેહને માટે છે - **અમૃતબિંદુ**
- આજનું ઔષધ : પિત્તના તાવમાં કાળી દ્રાક્ષ અને ગરમાળાના ફુલને ગરમ કરી ઠંડુ પાડી પીવાથી તાવ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

શિષ્યે ગુરુને પૂછ્યું, 'ગુરુજી! ધન, કુટુંબ અને ધર્મમાં કોણ સાચું સહાયક છે?' ગુરુએ એક વાર્તા કહી. એક માણસના ત્રણ મિત્રો હતા. ત્રણમાંથી એક તેને ખૂબ પ્રિય હતો. તે તને દરરોજ મળતો. જયારે પણ જાય, જયાં પણ જાય પેલો મિત્ર સાથે જ રહેતો. બીજો મિત્ર મધ્યમ પ્રિય હતો. તે અઠવાડિયામાં એક જ વાર તેને મળતો. ત્રીજો મિત્ર ને તો બે મહિનો મળતો. એ માણસથી વેપારમાં ભૂલ થઈ ગઈ અને રાજાએ તેને દરબારમાં રૂબરૂ મળવાં આવવાનું કહ્યું. પેલો માણસ ગભરાઈ ગયો. તેણે પહેલાં નંબરને કાયમની જેમ પોતાની સાથે રાજદરબારમાં સાથે આવવા કહ્યું... પણ તે મિત્રએ સમગ્ર વાત સાંભળી રાજા સામે આવવાની ના પાડી દીધી. કારણ કે તે રાજા સાથે સંબંધ બગાડવા નહોતો માંગતો. બીજો મિત્રએ પોતે વ્યસ્ત હોવાથી આવવા માટે અસમર્થતા વ્યક્ત કરી. પણ ત્રીજો મિત્ર રાજા પાસે આવવા તૈયાર થયો. એણે રાજા સમક્ષ બુદ્ધિપૂર્વક દલીલો રજૂ કરી પેલા માણસને નિર્દોષ જાહેર કરાવ્યો.' ગુરુએ કહ્યું, 'ધન તે છે જેને પરમ પ્રિય માનવામાં આવે છે, પણ મૃત્યુ પછી તે કોઈ કામનું નથી. કુટુંબ શક્ય તેટલી મદદ કરે છે, પણ શરીર હોય ત્યાં સુધી. ધર્મ એ છે કે આ લોક અને પરલોક બંનેમાં મદદ કરે છે, અને તમામ પ્રકારની દુર્ગતિથી બચાવે છે.' સાર એ છે કે મનુષ્યએ પોતાની વાણી અને આચરણ બંનેથી ધર્મનું પાલન કરવું જોઈએ. તે સુખ-શાંતિનો સ્થાયી આધાર છે.

મિત્ર રાષ્ટ્રના દૂતાવાસ સામે થયેલ વિસ્ફોટ સૂચક

તંત્રીસ્થાનેથી...

પ્રજાસત્તાક દિવસની પરેડનું સમાપન 'બીટિંગ રિટ્રીટ' થી થયું હોય છે. રાજપથ પર વિજય ચોક પર રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ ચાલી રહ્યો હતો તે જ સમયે એપીજે અબ્દુલ કલામ માર્ગ પર આવેલ ઈઝરાયેલ દૂતાવાસ સામેના રસ્તા પર થયેલ બ્લાસ્ટ ભારત અને ઈઝરાયેલ સહિત આખા વિશ્વ માટે ચિંતાનો વિષય છે. ઓછી તીવ્રતાનો વિસ્ફોટ હોઈ ચાર-પાંચ ગાડીઓના કાચ તૂટવાથી વધુ નુકશાન થયું નથી એટલે આ કોઈ આતંકવાદી કૃત્ય કરતાં વિશેષ અટકચાળું લાગે છે. ભારત ઈઝરાયેલ સંબંધોની ૨૯મી વાર્ષિકી પ્રસંગે વિસ્ફોટ કરાયો હોવાથી તેનું ગંભીર અર્થઘટન કરવું પડે તેમ છે. ગૃહમંત્રીને એમનો પશ્ચિમ બંગાળનો પ્રવાસ રદ કરી આ ઘટના પછીની ચર્ચા વિચારણામાં જોતરાવું પડ્યું હતું અને ૬૭ જેટલાં એરપોર્ટ, અનેક મહત્ત્વપૂર્ણ સરકારી સ્થળો, અયોધ્યા અને મુંબી સહિત આખા દેશમાં 'હાઈ એલર્ટ' જાહેર કરવું પડ્યું છે. નવ વર્ષ અગાઉ પણ આવો વિસ્ફોટ કરાયો હતો. લુટિયન ઝોન તરીકે ઓળખાતો દેશનો અને દિલ્હીનો સૌથી વધુ સુરક્ષા કવચ ધરાવતો વિસ્તાર પણ સલામત નથી એવો ગર્ભિત સંદેશ આપવાનો ઈઝરાયલ વિરોધી આરબ જગતનો પ્રયાસ હોઈ શકે છે. ઈઝરાયલ દૂતાવાસને આ ઈરાન પ્રેરિત આતંકવાદી કૃત્ય લાગ્યું છે તેથી ભારત સરકારે મિત્ર રાષ્ટ્રની લાગણીને માન આપી એને પૂરી ગંભીરતાપૂર્વક લીધું છે તથા ઉચ્ચ રાજકીય સ્તરે એની ચર્ચાવિચારણા ઉપરાંત વિસ્ફોટ કરનારને જલદી પકડી લેવા તથા આવા હિચકારા હુમલા બીજે કયાંક ન થાય એની તકેદારીનાં પગલાં ભર્યાં છે. કોઈએ હુમલાની જવાબદારી લીધી નથી એ સૂચક છે. ઈરાન ભારત સાથે મધુર ડિપ્લોમેટિક સંબંધો ધરાવે છે, પણ ઈરાનની ઈસ્લામિક સરકાર તો અમેરિકાને પણ સીધી ધમકી આપવા જાણીતી છે. એના અણુવિજ્ઞાની પર અમેરિકાએ કરેલા પ્રાણઘાતક હુમલાનો બદલો લોવાની જાહેરાત ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેની કરી ચૂક્યા છે. ઈઝરાયેલ અને ભારતની દોસ્તી આરબ વિશ્વને ન ગમતી હોય તો પણ ભારત માટે એ ખૂબ જરૂરી છે. ઈઝરાયલે ભારતને ખેતીથી લઈ યુદ્ધક્ષેત્ર સુધીની એની વિશિષ્ટ અને અદ્યતન ટેકનોલોજી આપી મિત્રતાની મિસાલ પેશ કરી છે. ઈઝરાયલના વડાપ્રધાન નેતનયાહૂ અને ભારતના વડાપ્રધાન મોદીની મિત્રતા સર્વવિદિત છે. અગાઉનાં વર્ષો દરમિયાન પેલેસ્ટાઈન પ્રશ્ને ભારત આરબ વિશ્વની તરફેણ કરતું રહ્યું હતું જેથી ઈઝરાયલ સાથેના સંબંધો એક સલામત અંતરે રહ્યા કરતા હતા. પેલેસ્ટાઈનના પ્રવક્તા અને વૈશ્વિક સ્તરે મોટી પ્રતિષ્ઠા ધરાવતા આરબ નેતા યાસર અરાફતને ભારત અત્યંત સમ્માનજનક દૃષ્ટિએ જોતું રહ્યું છે. હવે યાસર અરાફતની હયાતી નથી ત્યારે આરબ વિશ્વ, અમેરિકા અને ભારતના સંબંધોનાં સમીકરણ ઘણાં બદલાયાં છે. ઈઝરાયલ પોતાની આગવી તાકાત પર દુનિયાના નકશામાં એક અમીટ છાપ ઊભી કરેલી છે. ભારતને એનાથી અંતર રાખવું પોસાય એમ નથી. સવિશેષ આતંકવાદ સામેની લડાઈમાં ઈઝરાયલ હરહંમેશ ભારતની સાથે રહ્યું છે જેમાં મિત્ર રાષ્ટ્ર તરીકે ઈઝરાયલનો પૂરો સહયોગ મળતો રહ્યો છે. ખેતીમાં ટપક સિંચાઈ પદ્ધતિ એ વિશ્વને ઈઝરાયલની અપૂર્વ ભેટ છે. એની વૈજ્ઞાનિક પદ્ધતિથી કરાતી આધુનિક ખેતીને લીધે સમૃદ્ધ છે. ગાંધી નિર્વાણ દિની પૂર્વ સંખ્યાએ અને ભારત-ઈઝરાયલ સંબંધોની ૨૯મી એનીવર્સરી પ્રસંગે થયેલ ઓછી તીવ્રતાનો આઈઈડી વિસ્ફોટ કોઈએ ચાલુ ગાડીએ કર્યો હોવાની સંભાવના છે. આશા રાખીએ કે ગુનેગારને બહુ જલ્દી ઝબ્બે કરી લઈને તથા કાવતરાની કડીઓ મેળવીને તંત્ર મિત્રદેશની અપેક્ષાઓ પૂર્ણ કરશે.

ગુજરાતમાં ગામડે અને ઘેર ઘેર ગુંજતું એક નામ

આરપાર

રાઘવજી માધડ

એક સાહિત્યિક ગોષ્ઠીમાં કોઈએ કહ્યું:સૌરાષ્ટ્રને મેઘાણી મળ્યા એમ અમારા સરહદી વિસ્તારને મળ્યા હોતતો ધરતીમાં ધરબાયેલું લોક-સાહિત્ય સજીવન થાત ! આવું કહેવું વાજબી છે. પણ સાગરતો એક જ હોય વિસ્તાર મુજબ નામ બદલાય. સાહિત્યના સાગર મેઘાણીનો કોઈ વિકલ્પ હોઈ ન શકે.આ મુદ્દો છેડાયાના મૂળમાં, ઝવેરચંદ મેઘાણીની સવાસોમી જન્મજયંતી ઉજવવાનું ગુજરાત સરકારે જાહેર કર્યું તે હતું.આ અંગે સમિતિ પણ રચાઈ છે.તંત્રનું આ આવશ્યક ને આવકારદાયક પગલું વધાવવા પાત્ર છે. ઈચ્છી એ સમિતિ દ્વારા સાહિત્યિક અમલ થાય. ઘણીવાર પીવાનું પાણી હાથ ધોવામાં વપરાઈ જતું હોય છે !

હજુ ગણતરીના દિવસો પહેલા જ પ્રજાસત્તાક દિનની સમગ્ર રાષ્ટ્રમાં દબદબાભેર ઉજવણી થઈ. સ્વતંત્ર દેશના નાગરિક હોવાનું ગૌરવ અગણિત છે.અસંખ્ય વીર-સપૂતોના બલિદાન પછી આઝાદી મળી છે. રાષ્ટ્રની આઝાદીની ચળવળમાં પણ મેઘાણીનું યોગદાન બહુમૂલ્ય રહ્યું છે. સ્વાતંત્ર્યની ઝંખના અને મા ભોમ પ્રત્યેની મેઘાણીની પ્રીતિ અનન્ય હતી. એમણે પ્રજાને જગાડી, માંહ્ય રહેલી ચેતનાને ઢંઢોળી જાગ્રત કરી. મેઘાણીના રાષ્ટ્રપ્રેમના ગાનથી પ્રભાવિત થઈને ગાંધીજીએ એમને 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ આપી સૌથી સવાયા સન્માનિત કર્યા હતા. ખડતલ ખુમારી ને બુલંદીના ઝીંદાદિલ શાયરની વાણીમાં મડદાંને પણ બેઠાં કરે એવી તાકાત હતી. સ્વતંત્રતાની ચળવળ સબબ મેઘાણીની ધડપકડ કરી ધંધુકાની કોર્ટમાં રજુ કરવામાં આવ્યા ત્યારે, આઝાદી માટેનું સ્વરચિત ગીત સાંભળી ખુદ ન્યાયાધીશની આંખો પણ ભીની થઈ ગઈ હતી. આ હતી તેઓની વાણી અને શબ્દની તાકાત ઉપરાંત રાષ્ટ્ર પ્રત્યેની પ્રબળ ભાવના. પ્રાથમિક શાળાના અભ્યાસ દરમ્યાન શિક્ષકે અમોને 'સૌરાષ્ટ્ર રસધાર'માંથી વાર્તાઓનું રસપાન કરાવ્યું હતું.અને મારામાં રહેલા વાર્તાકારને મેઘાણીની આ વાર્તાઓએ જન્મ આપ્યો છે એવું કહું તો જરાય ખોટું નથી.વરસાદના લીધે શિક્ષક સાયકલ લઈ કાચા રસ્તે પરત જઈ ન શકે તેથી શાળામાં જ રાતવાસો કરે... અને રાત દરમ્યાન અમોને આવી વાર્તાઓ સંભળાવે. આ શિક્ષક આજે હયાત છે. અમરેલીમાં વસે છે. આજે વરસોના શાળા પાઠ્યપુસ્તકો તપાસો તો કોઈને કોઈ ધોરણમાં મેઘાણીની કૃતિ જોવા મળશે. આ પાઠ્યપુસ્તક નિમાર્ણકાર્યમાં જોડાવાનું થયું હતું ત્યારે અન્ય કોઈ સર્જકની કૃત્તિ પસંદગી માટે ચર્ચા-વિચારણા થાય પણ મેઘાણીની કૃત્તિ હંમેશા નિર્વિવાદ રહી છે.કોઈ નવોદિત વાર્તા અંગે માર્ગદર્શન લેવા આવે ત્યારે સૌથી પહેલા કહું,એકવાર મેઘાણીને વાંચો પછી વાર્તા લખવાનું વિચારો.કારણકે તેઓએ કલ્પના ના બદલે વાસ્તવલક્ષી, માટીના મનેખની મહેક તેમજ સર્જક તરીકેની જાગરૂકતા અને અપાર વિષયવૈવિધ્ય સાથે સફળ વાર્તાલેખનના સિદ્ધાંતો રચાવ્યા છે.શબદના સાધક તરીકે મેઘાણી અજોડ રહ્યા છે. આજે સાહિત્યનો સારો-નબળો મબલખ પાક ઉતરે છે.પણ તેમાંથી ઘણું કાળના પ્રવાહમાં તરી જશે ને મોટાભાગનું તણાઈ જશે.મેઘાણીનું સાહિત્ય આજે એક સદી પછી પણ જીવંત અને લોકહૈયે ગુંજતું રહ્યું છે. તેઓએ પોતીકી લોકશૈલી નિપજાવી અને સર્જનને વિદ્વતાના વાઘા પહેરાવ્યા વગર લોકની વાતને સાહિત્યના ખરલમાં ઘૂંટી લોક સમક્ષ મૂકી. લોકોનું અને લોકો માટેનું સાહિત્ય લોકોને પાચ્ય પકવાનરૂપે પીરસ્યું. લોકભોગ્ય અને લોકાભિમુખ બનાવ્યું. મેઘાણીનું સાહિત્ય આજે પણ એટલું જ પ્રસ્તુત રહ્યું છે.

રાષ્ટ્રીય શાયરના સાહિત્યથી કોઈ પેઢી વંચિત રહી નથી. છેવટે પાઠ્યપુસ્તકમાં કૃત્તિરૂપે પણ મેઘાણી મળ્યા છે.આ એક યુગકાલીન ઘટના છે.આવી ઘટના વારંવાર ઘટતી હોતી નથી.ગુજરાત સરકાર આ વિરલ ઘટનાની નોંધ લઈ રહી છે. આ પૂર્વે જન્મશતાબ્દી દરમ્યાન પણ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. અને 'શબદનો સોદાગર' નામે માહિતી ખાતા દ્વારા ગ્રંથ પણ પ્રગટ કરવામાં આવ્યો હતો. આ વખતે આ ગ્રંથનું પુનઃપ્રકાશન થશે તો પણ સવાસોમી ઉજવણીમાં સિદ્ધિનું એક છોગું ઉમેરાશે !

છેલ્લે :

ધારીએ એવું થતું નથી અને સમજીએ એવું હોતું નથી તેનું નામ જિંદગી !

ra_madhad13@yahoo.com
http://raghavjimadhad.blogspot.com

સર્ટિફિકેટ દેનેવાલો કા ભી સર્ટિફિકેટ દેખા કિજીએ

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

હમણા થોડા સમય પહેલા ટી.વી.માં એક જાહેરાત આવતી હતી. એની ધ્રૂવપંક્તિ હતી " સર્ટિફિકેટ દેનેવાલો કા ભી સર્ટિફિકેટ દેખા કિજીએ " આ વાક્ય લખનારને પણ કદાચ ખબર નહીં હોય કે આ વાક્ય સમગ્ર દેશના તમામ રાજ્યોની પોકળ પ્રામાણિકતાને સંપૂર્ણપણે ખૂલ્લી કરે છે. "પ્રમાણપત્ર" નો અર્થ 'ભગવદગોમંડળ'માં આબરૂપત્ર, ઉપાધિપત્ર, ખાતરીપત્ર, પદવી, યોગ્યતા, ખરાપણાનો દાખલો, ગુણમાન પત્ર, સારાપણાની છાપ, આ પ્રકારના મુખ્યત્વે અર્થો આપ્યા છે.

આજથી થોડા વર્ષો પૂર્વે સ્કૂલ કે કૉલેજમાં સ્પર્ધાઓમાં વિજેતા થવા બદલ પ્રમાણપત્ર મળતા કે સરકાર દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ વિજેતા થવા બદલ પ્રમાણપત્ર મળતું ત્યારે એનો આનંદ હતો. કેમ કે એ મેળવવા માટે આપણે આપણી યોગ્યતા સિદ્ધ કરવી પડતી. અને એ વખતે ઈન્ટરનેટ, ગુગલ, મોબાઈલ કે કમ્પ્યુટર જેવું કશું જ હતું નહીં. તેથી જે તે વિષયનું જ્ઞાન જાતે મહેનત કરીને, વર્ષો સુધી કોઈ સ્વરૂપમાં કે વિષયમાં કે ક્ષેત્રમાં તપ, સાધના કરીને, એનો ઊંડો અભ્યાસ કરીને, અનુભવ લઈને યોગ્યતા કેળવવી પડતી. વિદ્વાન શિક્ષકો, અધ્યાપકો પાસેથી શીખવા માટે અનેક વિટંબણાઓમાંથી પસાર થવું પડતું. માન અપમાનો સહન કરવા પડતા, સામાજિક, પારિવારિક અને આર્થિક પરિસ્થિતિઓનો સામનો કરવો પડતો હતો. કલા અને સાહિત્યના ક્ષેત્રમાં તો પારિવારિક વિરોધ પણ સહન કરવો પડતો અને એમાંથી જે શિક્ષિત, દીક્ષિત થઈને પાર ઉતરે તેની યોગ્યતા સિદ્ધ થતી અને પ્રમાણપત્રો – સન્માનપત્રો મળતા.

પરંતુ આજે સમય જુદો છે. આજે સોશિયલ મીડિયાની પોકળ વાહવાહીને લોકો સિદ્ધિ સમજી લે છે. પોતાની યોગ્યતા સમજી લે છે. આજે સિદ્ધિ કરતા પ્રસિદ્ધિનું વધારે મહત્વ છે. સિદ્ધિ મેળવ્યા વિના સૌને પ્રસિદ્ધિ જોઈએ છે. અને આ માટે આજે સોશિયલ મીડિયા હાજરાહજુર છે. અખબારોને પણ જગ્યાઓ પુરવા સમાચારો જોઈએ છે તેથી તેઓ ગમે તેવા સાચા ખોટા સમાચારો કે ફોટાઓની ખરાઈ કર્યા વિના, જોયા, જાણ્યા કે વાંચ્યા વિના છાપી દે છે. પરંતુ આવા અખબારો એ જાણતા નથી હોતા કે આવા વાહિયાત સમાચારોની સમાજ ઉપર ખુબ મોટી અસર પડતી હોય છે. કેમ કે વાંચનાર વાંચકો તો અખબારમાં છપાતા સમાચારોને પ્રામાણિત માની લે છે. અને સાવ અયોગ્ય વ્યક્તિને પણ વિદ્વાનોની શ્રેણીમાં મૂકી દે છે. આજે આવા અનેક વિદ્વાનો ગામે ગામે, સંસ્થાએ સંસ્થાએ જોવા મળે છે.

આજકાલ ભારતભરમાં અનેક રાષ્ટ્રીયકક્ષાની સંસ્થાઓ ફૂટી નીકળી છે. ગામેગામ આવી અનેક સંસ્થાનો ઓનપેપર ચાલે છે. વળી આવી સંસ્થાઓના નામ પણ કોઈ રાષ્ટ્રીય મહાપુરુષોના નામ સાથે જોડીને વિદ્યાપીઠ કે અકાદમી કે પરિષદ કે ભારતી કે સંસ્થાન જેવા ભારે શબ્દો લગાવીને ખોટો ભ્રમ ઊભો કરે છે. આવી મોટાભાગની સંસ્થાનોના સંચાલકોએ સરકારી ગ્રાંટ લેવા આવી સંસ્થાઓનું નિર્માણ કર્યું હોય છે. જેમને શિક્ષણ કે સાહિત્ય સાથે કોઈ લેવા દેવા હોતી નથી. વળી રૂપિયા લઈ લઈને બધાને પ્રમાણપત્રો, સન્માનપત્રો મોકલી આપે છે. અને આજે સમાજમાં કોઈપ્રકારની મહેનત વિના, અભ્યાસ વિના રાતોરાત વિદ્વાન થઈ જવાની, પ્રસિદ્ધ થઈ જવાની લાલસા રાખનાર પ્રસિદ્ધિભૂખ્યા, સન્માનભૂખ્યા અનેક બબૂચકો છે. બિહાર, ઉત્તરપ્રદેશ, પ.બંગાળ, દિલ્હી જેવા અનેક રાજ્યોમાં આવી અનેક સંસ્થાનોનો આ એક વ્યવસાય બની ગયો છે. જે દર વર્ષે પાંચ છ કાર્યક્રમો યોજીને દરેક ઉમેદવારો પાસેથી બે હજારથી લઈને બે લાખ સુધીની રકમ લઈને સન્માનપત્રો આપી સન્માનિત કરે છે. આજે સાહિત્ય અને શિક્ષણની દુનિયામાં સૌને જાણીતું – સુપ્રસિદ્ધ થવું છે. આવી વ્યક્તિઓ રૂપિયા ખર્ચીને પણ પ્રમાણપત્રો, સન્માનપત્રો મેળવવા હંમેશાં આતૂર હોય છે. વળી ખૂબી એ વાતની છે કે આવી સંસ્થાનો એવું જાહેર કરે છે આ સન્માનપત્રો પીએચ.ડી સમકક્ષ છે. ડી.લિટ સમકક્ષ છે. તેથી માત્ર બે ચાર હજાર ખર્ચીને ફર્જી સન્માનપત્ર મેળવનાર પણ પોતાના નામની આગળ "ડો" લગાવતા થઈ જાય છે. તો આવી સંસ્થાનોની, સંચાલકોની, આયોજકોની કે હોદેદારોની પ્રામાણિકતા શું? આવા સન્માનપત્રો કોણ આપી શકે ? આ અંગે ચેરિટિ કમિશનરે સરકારમાં રજુઆત કરીને કડક કાયદા બનાવવા જોઈએ. આચાર સંહિતા બનાવવી જોઈએ. જેથી કલા અને સાહિત્ય ક્ષેત્ર આ વ્યાવસાયિક વિટંબણાથી સૂરક્ષિત રહે. આજે સમાજમાં એવી અનેક વ્યક્તિઓ છે જેનું હિંદી સાહિત્ય ક્ષેત્રે કે પોતાની માતૃભાષામાં કોઈ મૂલ્યવાન પ્રદાન નથી. પોતાના પડોશી કે શહેરમાં તેમના જેવા પાંચ પચીસ સિવાય કોઈ ઓળખતું નથી, કોઈપણ જાતની યોગ્યતા વિના સો બસોથી બધારે સન્માનો લઈને ભ્રમિત અવસ્થામાં ફરે છે. આવી સન્માનિત વ્યક્તિઓ જયારે કવિતાની કે લેખની પાંચ દસ લાઈન લખે છે કે જાહેરમાં વક્તવ્યો આપે છે ત્યારે તેમનું અજ્ઞાન પ્રગટ થઈ જાય છે. અને પોલ પકડાઈ જાય છે.

આજકાલ આપણે જોઈએ છીએ કે અનેક સંસ્થાનો આવા સર્ટિફિકેટ્સ, સન્માનપત્રો કમ્પ્યુટરમાં બનાવીને તૈયાર રાખે છે. અને કોઈપણ પ્રકારની લાયકાત કે યોગ્યતા જોયા વિના પૈસાથી કે સંબંધથી સન્માનિત કરી દે છે. કોઈને પાંચ દસ હજાર ખર્ચીને ખાતરી કરવી હોય તો મારી જાણમાં આવી ઘણી સંસ્થાનો છે. જે માત્ર રૂપિયા ઉઘરાવી ઉઘરાવીને બધાને સર્ટિફિકેટ્સ અને સન્માનપત્રો તથા એવોર્ડ્સ આપતી રહે છે. પોતાની કાર્યનિષ્ઠાથી, તપ સાધનાથી, યોગ્યતાથી કે અભ્યાસથી સન્માનિત થવું એ ગૌરવ લેવા જેવી વાત છે પણ જે સંસ્થા આવા સન્માનપત્રો ગમે તેવા લલ્લુપંજુને આપી દે છે ત્યારે સાચી સન્માનિત વ્યક્તિ પ્રત્યે પણ લોકોને શંકા ઉદભવે છે. વળી એ પણ જાણવું જરૂરી છે આપણને સન્માનિત કરનાર સંસ્થા કંઈ છે ? એના હોદેદારો કોણ છે ? એમની સૌની લાયકાત, યોગ્યતા શું છે ? એમનું સામાજિક, સાહિત્યિક, શૈક્ષણિક પ્રદાન-યોગદાન કેટલું છે ? અને કેટલા વર્ષોથી આ ક્ષેત્રમાં કાર્યરત છે ? જો આવું કશું હોય નહીં તો એમની સહીથી મળેલા સન્માનપત્રોની કોઈ કિંમત નથી. જો તમે સન્માનપત્ર આપવાને લાયક હોય અને જે કોઈપણ પ્રકારે સન્માનપત્ર આપવાને લાયક નથી તેવી વ્યક્તિઓ જ્યારે તમને પ્રમાણપત્રો આપે છે ત્યારે આપનાર અને લેનાર બન્નેને જાણનાર અસંખ્ય લોકો મનમાં હસતા હોય છે. અને તેથી જ ટી.વી.પર આવતી જાહેરાત કહે છે કે " સર્ટિફિકેટ દેનેવાલો કા ભી સર્ટિફિકેટ દેખા કિજીએ " જંગલમાં સિંહ દ્વારા હાથી કે વાઘ જેવા પશુનું સન્માન થાય તો બધાનું ગૌરવ વધે પણ જો ससला કે શિયાળ દ્વારા સિંહ સન્માનિત થાય અને સિંહ પાછો એ સન્માનપત્રને સોશિયલ મીડિયા ઉપર વહેતા કરે ત્યારે બીજા તમામ પશુ પક્ષીઓ હસતા જ હોય છે. કેમ કે સિંહને સાચું કહેવા કોણ જાય ? અને આવા સિંહ ધીમે ધીમે ससला અને શિયાળની કક્ષામાં આવી જતા હોય છે.

બસ આવી સ્થિતિ દરેક જગ્યાએ છે. જેમનું કલા, સંગીત કે સાહિત્યમાં કોઈપણ પ્રકારનું પ્રદાન નથી, કોઈ સ્વરૂપ કે વિષય કે ક્ષેત્રનું જ્ઞાન નથી. એવી લલ્લુપંજુ વ્યક્તિઓ 'રાષ્ટ્રીય કક્ષાના પુરસ્કારોલ્લ લઈને આવે ત્યારે હસવું આવે છે કેમ કે આવા વિજેતા સાહિત્યકારનું સાહિત્ય અડોશ પડોશના લોકોએ પણ વાંચેલું કે જોયેલું હોતું નથી. ઘણીવખત તો સોસાયટીવાળાઓને એ પણ ખબર હોતી નથી કે આપણે ત્યા "રાષ્ટ્રીય કક્ષા"ના સુપ્રસિદ્ધ લેખક રહે છે. આવા બની બેઠેલા લલ્લુપંજુ લેખકોને પૂછવામાં આવે કે તમને આ રાષ્ટ્રીય પુરસ્કાર ક્યા પ્રદાન બાબતે મળ્યો ? રાષ્ટ્ર કે સાહિત્યની તમે એવી કંઈ સેવા કરી ? એની બધી વિગતો આપશો ? તો આવા પ્રશ્નોનો એમની પાસે કોઈ જવાબ હોતો નથી. જો હું મુખ્યમંત્રી હોઉં તો આવા સન્માનપત્રો આપનાર સંસ્થાના હોદેદારોને કડકમાં કડક સજા કરું. અને લેનારને પાંચ હજાર પુસ્તકો વાંચવાની ફરજ પાડું.

મિત્રો, સન્માન ક્યારેય કોઈ વ્યક્તિનું હોતું નથી. એના કાર્યનું હોય છે, જ્ઞાનનું હોય છે, એને વર્ષો સુધી કરેલા તપ, સાધનાનું હોય છે. પરંતુ આજે વ્યક્તિના સન્માનો થઈ રહ્યા છે. પદ અને પ્રતિષ્ઠાના સન્માનો થઈ રહ્યા છે. આવા વ્યક્તિગત સન્માનો મેળવવાની જેને લાલસા છે તેઓ ક્યારેય સાચી સિદ્ધિ મેળવી શકતા નથી.

9426060601.india@gmail.com

કેટલીક સ્વાભાવગત વિશિષ્ઠતાઓ...

સહેજ મલકીએ!

અનંત પટેલ

દરેક મનુષ્યમાં સ્વાભાવિક રીતે જન્મ જાત કેટલીક વિશિષ્ઠતાઓ જોવા મળતી હોય છે અમે આવી વિશિષ્ઠતાઓ જે આજકાલના જુવાનિયાઓ તેમ જ અન્યોના મોઢે સાંભળી છે તેનો ચિતાર આપવા માગીએ છીએ જે કદાચ તમને વાંચવાનું કે સાંભળવાનું ગમશે જ...

૧. કોઈ પડોશી વૃધ્ધને ઘરે જવાની વાત થતી હોય ત્યારે એ વ્યક્તિના સ્વભાવથી પરિચિત યુવાન લોકો આવું આવું બોલતા હોય છે,' યાર ત્યાં જઈને શું કરશો, અલ્યા એ તો ચાનો ય ભાવે પૂછે એવાં નથી !!! હાળી હાવ લુખ્ખી પાર્ટી છે...' ત્યાં તરત બીજો કહેશે, 'ના યાર, હાવ કંઈ એવાં નથી, એ કાકાને તો ચા પીવડાવવી હોય પણ આંટી આગળ એમનું જરાકે ય ચાલે જ નહિ..પછી એ ય બિચારા શું કરે.?? '

૨.તો વળી બીજે ક્યાંક અંકલ બહુ ખરાબ હોય ને આન્ટી બહુ ગુણવાન હોય..તો આવું સાંભળવા મળે, ' હાળો એ કાકો જ મારો બેટો મખ્ખીચૂસ છે, આન્ટી જો એમના કહ્યા વગર ચા બનાવે તો એમને ખખડાવ્યા વિના રહે જ નહિ.. ' અહીં વાત કરનાર જુવાન પેલા વૃધ્ધ માટે કાકો શબ્દ તોછડાઈથી વાપરે અને પાછુ 'મારો બેટ્ટો' એમ બોલે જાણે એ ભાઈ એ વૃધ્ધ કરતાં ઉંમરમાં મોટો ના હોય... આપણને એમ થાય કે આમને વિવેક કોણ શીખવાડશે ?

૩.કેટલાક જુવાનિયાની ભાષામાં જોરદાર મજાકીયાં ઉચ્ચારણો સાંભળવા મળે છે જેમ કે, 'અલિ એ લાજવંતી, હેંડને હવે શરમાયા વગર...' કોઈ શરમાળ છોકરાને/મિત્રને આ રીતે ઝાટકતા હોય છે. 'મગજની નસ છો હોં બાપુ તમે તો...' જ્યારે કોઈ એની વાત માનતું ના હોય તો આવો શબ્દ પ્રયોગ સંભળાય છે..

'અરે ભઈ બંધ કરને.... તેં તો યાર બહુ ચલાવ્યું...મગજની ... '

કોઈ લીધી વાત મૂકતું ન હોય ત્યારે એનાથી કંટાળી જનાર ગુસ્સે થઈ આવું સંભળાવતા હોય છે. યુવાન છોકરીઓ કેવા પ્રકારની કોમેન્ટ કરે છે તે સાંભળવાનું અમે સ્વવિવેક જાળવીને ટાળ્યું છે છતાં ય કોઈ અમને લખી મોકલશે તો અમને આનંદ થશે...

૪. આમાં ગૃહિણિઓ/ બેનોના સ્વભાવ ઉપર તો એક મહાગ્રંથ લખી શકાય એવું છે, થોડાક નમૂના જોઈએ,

'મને તો ભઈશાબ માર હાથની જ રસોઈ ભાવે, બીજે ખઈ લઈએ પણ મનમાં શાંતિ ન થાય... ' આ જ બેનને કોઈ જમણવારમાં એ જમતા હોય ત્યારે છાના માના એમની આજુ બાજુ જઈ એમની થાળી પર અને એમની ખાવાની સ્ટાઈલ જોઈ આવજો...મારે કંઈ કહેવું જ નહિ પડે...

ત